॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

Page: 01

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૬ ● નિ. આષો સુદ-૪ ● તા. ૨૦-૧૦-૨૦૨૦ ● મંગળવાર SDP NO: 185 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

ભિવંડી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજની નવી કારોબારી

પ્રમુખ	:-	ગંગદાસ સોમજી પોકાર
ઉ.પ્રમુખ	:-	મણિલાલ વાલજી લીંબાણી
મંત્રી	:-	રતિલાલ અરજણ લીંબાણી
સ. મંત્રી	:-	મહેન્દ્ર કાનજી ભાવાણી
ખજાનચી	:-	ચંદુલાલ માનણ પોકાર
સ.ખજાનચી	:-	મહેશ રામજી બાથાણી
કા.સભ્ય	:-	હિરાલાલ કાનજી દિવાણી
કા.સભ્ય	:-	હર્ષદ નારણ છાભૈયા
કા.સભ્ય	:-	રવજી રતનસી દિવાણી
કા.સભ્ય	:-	પંકજ નાનજી ભાવાણી
કા.સભ્ય	:-	વિશ્રામ શિવજી સાખલા
કા.સભ્ય	:-	ઝવેર ભાણજી બાથાણી
કા.સભ્ય	:-	કાન્તિલાલ જીવરાજ ચોધરી
કા.સભ્ય	:-	જગદીશ કાનજી છાભૈયા
કા.સભ્ય	:-	મેઘજી સોમજી પોકાર
કા.સભ્ય	:-	ધીરજ શંકરલાલ લીંબાણી
ટ્રસ્ટી	:-	રામજી માવજી બાથાણી
ટ્રસ્ટી	:-	શાન્તીલાલ રતનસી દિવાણી
ટ્રસ્ટી	:-	ધીરજ નરસી દિવાણી
ટ્રસ્ટી	:-	અંબાલાલ પુરષોત્તમ સાખલા
ટ્રસ્ટી	:-	શંકરલાલ પ્રેમજી છાભૈયા
ટ્રસ્ટી	:-	જીવરાજ કરમશી ચોધરી

ઉપર મુજબની ભિવંડી સમાજની નવી કારોબારી તેમજ નવા ટ્રસ્ટીઓની ત્રણ વર્ષ માટે ની વરણી કરવામાં આવેલ છે.

આતે મેઘરાજાની મહેર કે કેર





અરબી સમુદ્રમાં સર્જાયેલા અપર એર સર્ક્યુલેશન તથા બંગાળની ખાડીના દબાણથી સતત ત્રીજા દિવસે અંજાર બે, રાપર પોણા બે, ગાંધીધામ એક ઈંચ તો સમગ્ર કચ્છ સહિત ગુજરાતમાં ભારે ઝાપટા રૂપે વરસી રહેલા વરસાદથી જગતનો તાત ચિંતીત બન્યો છે. અચાનક આવેલ વરસાદથી કચ્છમાં તૈયાર ખરીફ પાકને મોટું નુકસાન થયું છે. મગફળી કપાસ ડાંગર કઠોર વગેરેના તૈયાર પાકના પથારા પલળી ગયા છે ત્યારે પલળેલા પાકની ગુણવત્તા પણ ઘટતી હોય છે જેથી મોટા નુકસાનની ભીતિ ખેડૂતો સેવી રહ્યા છે.

આવા કટોકટીના સમયે ખેત મજુરોની અછત કષ્ટદાયક છે.ઘણે ઠેકાણેતો રાત્રે હલરો ચાલુ કરી પાક સંકેવવાની પ્રક્રિયા ચાલી રહ્યા ના પણ હેવાલ મળે છે. વરસાદના આ રાઉન્ડમાં પણ નદીઓમાં ઘોડાપુર આવ્યા તો અમુક ઠેકાણે વીજળી પડવાથી મૃત્યુ પણ નોંધાયા.

આમ સમગ્ર ગુજરાતમાં આસો એ અષાઢી માહોલ સર્જાતાં ખેડૂતોમાં ચિંતાના વાદળો છવાયા છે. સીઝનની અતિવૃષ્ટિની માર ખમી રહ્યા હતા તેવામાં પડ્યા પર પાટું જેવો તાલ પુનઃ સર્જાતાં ખેડૂતોને બેવડી મારનો સામનો કરવાનો વારો આવ્યો છે. કચ્છ ગુજરાત ના મુખ્ય પાકો કપાસ મગફળી બને તૈયાર છે જેને મોટું નુકશાન થઈ રહ્યું છે, આ વર્ષ ની પેદાશ લગભગ નામશેષ થવાને આરે છે. વાવાઝોડા સાથે વરસાદે કપાસને મોટું નુકસાન પહોંચાડ્યું તો મગફળીના પથારા એકના ખેતરોમાંથી બીજાના ખેતરોમાં પહોંચ્યા તથા ખેતરમાં ભરેલા પાણીમાં તરતા રહ્યા. કપાસના ના નવા ફાલના ફુલ પણ ખરી પડ્યા, પલળવાથી ઘાસચારો કોહવાઈ જશે, તૈયાર કપાસ માર્કેટયાર્ડમાં કે ખેતરમાં ખુલ્લામાં પલળી ગયો.

કેળ, દાડમ, પપૈયાના પાકને પણ મોટું નુકસાન થયાના સમાચાર મળે છે. તૈયાર પેદાશો માર્કેટ યાર્ડમાં કે ખુલ્લામાં છે તે પલળી જતાં તેની ગુણવત્તા ઘટી જતાં ભાવ નો ફટકો પણ ખેડૂતોને પડશે.

એક બાજુ ચૂંટણીનો માહોલ જામ્યો છે ત્યારે ભારે વરસાદથી ખેડૂતોને મોટું નુકસાન પહોંચ્યું છે જેની સામે સરકારે પેકેજ જાહેર કર્યું છે તે પણ અપૂરતું છે તથા તે કેટલાક તાલુકાઓમાં મુખ્યતઃ ઉત્તર ગુજરાત, ના ખેડૂતો આ પેકેજ થી હજુ વંચિત છે, તેથી ખેડૂતો ગાંધીનગર ખાતે આંદોલન કરી રહ્યા છે, જેમાંથી કેટલાક ની અટકાયત પણ કરવામાં આવી છે. કિસાન સંઘના પ્રદેશ પ્રમુખે જણાવ્યું કે અતિવૃષ્ટિના કારણે ખેડૂતોને પડેલ આર્થિક નુકસાન ના વળતર ની અમુક વિસ્તારોમાં બાદ બાકી કરાઈ છે. જો આ અંગે સરકાર એયોગ્ય પગલાં નહીં લે તો આગામી સપ્તાહમાં કિસાનસંઘ આકરાં આંદોલનની રાણનીતિ અપનાવશે.

અતિવૃષ્ટિ થી ખેતીને થયેલ નુકશાનનું યોગ્ય વળતર મળે તથા એરંડા ના ટેકાના ભાવ સરકાર જાહેર કરે એવી ખેડૂતો ને અપેક્ષા છે.

ડો. શચિ મયંક લીંબાણી

અત્યારના કોરોના કાળમાં કોરોના પોઝીટીવ દર્દીઓની સંખ્યા વધારે છે ત્યારે, હાલ ભુજ અને મૂળ જીયાપર ગામના વતની ચિમનલાલ જેઠાલાલ લીંબાણી ની પુત્રવધુ ડો. શચિ લીંબાણી (M.B.B.S. -જનરલ ફિઝિશિયન) હાલ ગાંધીધામ સિવિલ હોસ્પિટલમાં PPE કિટમા સજ્જ થઈ સલામતિ સાથે કોવિડ-૧૯માં કોરોના વોરિયર બની કોરોનાના દર્દીઓની સારવાર કરી રહ્યાં છે. તેઓ અદાણી જનરલ હોસ્પિટલ-ભુજ તરફથી ગાંધીધામ સિવિલ હોસ્પિટલમાં કોરોના વિભાગમાં સેવા આપી રહ્યા છે. ડો. શચિ એમ. લીંબાણી, શ્રી ચિમનભાઈ ના પુત્ર ડો. મયંક સી. લીંબાણી - M.S. (ORTHO) (હાડકાના રોગોના નિષ્ણાત) તેમના ધર્મપત્ની છે. ડો. શચિ એમ. લીંબાણી M.B.B.S. નો અભ્યાસ યુક્રેઈન (યુરોપ) થી. કરેલ છે.

આજની ચિંતનકણિકા

બાળકોમાં શ્રેષ્ઠત્વ કેવી રીતે નિર્માણ કરશો ?

૧. માતાપિતાએ શ્રેષ્ઠત્વની ઉપાસના કરવી

લગ્ન પછી દંપતીએ પોતાને ત્યાં શ્રેષ્ઠ આત્મા અવતરે એ માટે આપણાં શાસ્ત્રોમાં દર્શાવ્યા પ્રમાણે સંયમ દાખવીને અને સંકલ્પ કરીને આયોજનબદ્ધ રીતે શારીરિક મિલન કરવું. પવિત્ર દિવસે, સમયે અને યોગ્ય મુહૂર્તમાં શ્રેષ્ઠ ભાવો સાથે જ્યારે બે આત્માનું મિલન થાય ત્યારે જ દિવ્યતા અને તેજસ્વિતા અવતાર ધારણ કરે.

બાળકના જન્મ પછી...એના પ્રારંભિક જીવનના વિકાસ માટેના આદર્શ એનાં માતાપિતા છે. એમના સર્વ પ્રકારનાં વાણી-વ્યવહારનું અનુકરણ બાળક કરે છે. બાળકના જીવનનાં પ્રથમ ત્રણ વર્ષ સુધી તો માતાપિતા-પરિવારજનો એ જ બાળકની દુનિયા છે. સારું પણ અહીંથી શીખે છે અને ખરાબ પણ અહીંથી શીખે છે. બાળકની જન્મકુંડળી કરતાં પરિવારકુંડળીની અસર બહુ વધારે હોય છે. માટે પરિવારજનોએ પોતાના પ્રત્યેક આચરણને શ્રેષ્ઠતાની એરણે ચડાવતાં રહેવું જોઈએ અને કોઈ પણ જાતનાં વિકાર-વિકૃતિ બાળકના મનપ્રદેશને-ભાવજગતને ડહોળે નહીં એ માટે સજાગ રહેવું જોઈએ.

મિશન અભિમન્યુ
શ્રી ઉમા એજ્યુકેશન અને ચેરિટેબલ ટ્રસ્ટ
SUV international school

સમગ્ર પાટીદાર સંગઠન ની આરસી.... કદમ...૦૭ સંઘઠન ના સારા અને નરસા પાસાઓ..

માનવ સમાજ ઉત્કર્ષના ત્રણ આધારસ્તંભ સમાજસત્તા, ધર્મસત્તા અને રાજ્યસત્તા

હાલ પાટીદાર સમાજની સમાજ વ્યવસ્થા ડામાડોળ થઈ રહી છે. એક તરફ કુટુંબ વ્યવસ્થા માટેની લગ્ન સંસ્થા માટે કન્યાઓ નથી અને ગામડાઓમાં કુટુંબો સખત આર્થિક સંકડામણ ભોગવી રહ્યા છે અને તેમની હાલત દીન પ્રતિદિન વધુ બગડી રહી છે. સરકારમાં પાટીદાર વિરોધી સ્પષ્ટ વલણ દેખાય છે. યુવાનોને સરકારી નોકરીમાં દાખલ થવામાં નવા નવા અવરોધો આવી રહ્યા છે.

તેને વિરોધાભાસી એવા સમાજમાં મોટા જાયન્ટ સંગઠનો બની રહ્યા છે. કરોડોના દાનની જાહેરાતો થઈ રહી છે. ગ્રીનીચ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાય તેવા ઉત્સવો મહોત્સવો ઉજવાઈ રહ્યા છે.

ખાટલે કઈ ખોર છે કે આવું વિરોધાભાસી વલણ જોવા મલે છે?

માનવ સમાજ ના ઉત્કર્ષ માટેની ત્રણ સંસ્થાઓ સ્વતંત્ર છે.

ધર્મસત્તા, સમાજસત્તા અને રાજ્યસત્તા. ત્રણેયના નેતાની પસંદગી , ત્રણેયના નાણાંકીય સ્રોત, ત્રણેયની ફરજો અને સત્તાઓ અલગ અલગ છે. ત્રણેય સ્વતંત્ર છતાં એક બિજા ઉપર નિયંત્રણ કરે છે. ધર્મમાં પાખંડ વધી જાય કે સમાજમાં સતિ પ્રથા કે બાળ લગ્નો કે દુધપિતી પ્રથા જેવા કુરિવાજો દાખલ થાય ત્યારે સરકાર કાયદો લાવી તેને અટકાવે. તેમ સરકાર પણ ગોહત્યા ના અટકાવી હોય ત્યારે સમાજ સરકાર ઉપર દબાણ લાવે. આજે પણ ધર્મસત્તા અને રાજ્યસત્તાનું મિશ્રણ થયુ નથી. કોઈ ધર્મ કે સંપ્રદાયના વડા કોઈ રાજકીય પક્ષ સાથે ગઠબંધન ધરાવતા નથી કે તરફદારી કરતા નથી, અને તેથી જ લોકોમાં ધર્મ સાથે આસ્થા જળવાઈ રહી છે. જ્યારે સમાજસત્તાના આગેવાનો તેમના વેપાર ધંધા ની ફાઈલો માટેના સ્વાર્થમાં અને પક્ષ સત્તા સમાજના સંગઠનો મારફતે મેળવવાના સ્વાર્થમાં એકબીજા વચ્ચે ગઠબંધન થઈ ગયા છે. આ જ છે પાટીદારોની અધોગતિનું મુળ. સૌથી ઉપર ધર્મસત્તા છે. તેની નીચે સમાજસત્તા અને તેની નીચે રાજ્યસત્તા. પરંતુ પાટીદારોની સમાજસત્તા આજે રાજ્યસત્તા આગળ વહેચાઈ ગઈ છે કે પાંગળી બની ગઈ છે.

હમણાં એલ.આર.ડી.ના આંદોલનમાં શક્તિ પ્રદર્શનમાં અનામત સમાજના તમામ સમાજ સંગઠનોએ રાજ્યસત્તા સામે બળવો પોકારેલ જ્યારે બિનઅનામતના સમાજ અને ખાસ કરીને પાટીદાર સમાજ તદ્દન ચુપ રહ્યો.

આ શક્તિ પ્રદર્શન જોઈ સરકારે વોટબેંક આધારે ના. હાઈકોર્ટમાં પોતાનું વલણ બદલ્યું અને બિનઅનામતના વર્ગની વિરુદ્ધમાં ચુકાદો આવ્યો.

આ જ છે પાટીદારોની અધોગતિનું મુળ.

જ્યાં સુધી પાટીદારોની સામાજિક સંસ્થાઓ રાજકીય પક્ષોનો અડ્ડો રહેશે ત્યાં સુધી સમાજની સુખાકારીની આશા રાખી શકાય નહીં.

અમૃત પટેલ.. ફોરેસ્ટ ઓફિસર ગાંધીનગર

અનુસરવા યોગ્ય કાર્ય

રમેશભાઈ માવજીભાઈ ભાવાણી બીલીમોરા - DGR 9825382170

પોતાના મિત્ર સ્વ : હિમ્મત ભાઈ ગોવિંદભાઈ પૂજાણી ની યાદ મા શ્રદ્ધાંજલી નીમિતે
સનાતન ધર્મ પત્રિકા ના આજીવન સભ્ય બની
સમાજ પ્રત્યેની પોતાની ફરજ અને લાગણી વ્યક્ત કરી છે.
શ્રી સમાજ અને યુવાસંઘ તેમનો આભાર સાથે તમારા કાર્ય ને બીરદાવે છે .
અને નીરોગી સ્વાસ્થ્ય ની શુભેચ્છા પાઠવે છે.

સનાતન ધર્મ પત્રિકા પ્રતિનિધિ :- મહેન્દ્રભાઈ સાંખલા, બીલીમોરા. ૯૮૨૫૦૫૯૩૮૦

શ્રી અ.ભા. ક. ક. પા.સમાજ ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા પ્રસ્તુત. "સનાતન ધર્મ પત્રિકા" ૧ મિનિટ ના સમાચાર માં પૂછાતા પ્રશ્ન ના જવાબ અને વિજેતા

તા. ૧૮. ૧૦. ૨૦૨૦ નો પ્રશ્ન નબર ૧૪૦ :

નવદુર્ગા માતાના નામો જણાવો.... ?

જવાબ : ૧. શૈલપુત્રી, ૨. બ્રહ્મચારિણી, ૩. ચંદ્રઘંટા, ૪. કુષ્મુંડા, ૫. સ્કંદમાતા, ૬. કાત્યાયની, ૭. કાલરાત્રિ, ૮. મહાગૌરી, ૯. સિધ્ધિદાત્રી.

જવાબ આપનાર વિજેતા : નરેન્દ્ર સાંખાલા - રામપુર (કર્ણાટક) ૯૪૪૯૬૪૫૦૪૯.

ગઈકાલ તા. ૧૯. ૧૦. ૨૦૨૦ નો પ્રશ્ન નંબર ૧૪૧ :

જય આદ્યાશક્તિ માં જય આદ્યાશક્તિ... આ આરતી નાં રચયિતા કોણ છે...??

આજના પ્રશ્ન નંબર ૧૪૨ માટે જુઓ આજની સમાચાર વિડિયો ક્લિપ...

આપનો જવાબ આપના નામ અને ગામ સાથે આજ રાત ૧૨ વાગ્યા સુધીમાં
વોટ્સેપ દ્વારા 7718977774 પર મોકલો અને જીતો ઈનામ ...
આપણું મુખપત્ર, આપણો સમાજ, ઘર ઘર પહોંચાડીએ આપણો અવાજ..

અવસાન નોંધ

તારીખ : ૧૮/૧૦/૨૦૨૦
સ્વ. હરીભાઈ પ્રેમજીભાઈ લીંબાણી, ઉમર : ૭૮ વર્ષ.
ગામ : - કોટડા (ઉગમણા)
તારીખ : ૧૭/૧૦ /૨૦૨૦
સ્વ. દશાંનાબેન ધીરજભાઈ રામાણી, ઉમર : ૪૫ વર્ષ.
ગામ - કનકપુર (અબડાસા), હાલે - મીરજાપર (ભુજ).

અબડાસા ના ઉમેદવાર નું ચિન્હ

૦૦૧-અબડાસા વિધાનસભા મતદાર વિભાગ માટેની ચૂંટણી

ક્રમનં.	ઉમેદવારનું નામ	ઉમેદવારનું સરનામું	પક્ષ જોડાણ	ફાળવેલ પ્રતિક
૧	૨	૩	૪	૫
રાષ્ટ્ર અને રાજ્ય કક્ષાના માન્ય રાજકીય પક્ષોના ઉમેદવારો				
૧	જાડેજા પ્રધ્યુમનસિંહ મહીપતસિંહ	દરબારગઢ, વિરાણી મોટી, તા.નખત્રાણા, જી.કચ્છ	ભારતીય જનતા પાર્ટી	કમળ
૨	ડૉ.શાંતિલાલ સેંઘાણી	કૈલાશનગર, નખત્રાણા, તા.નખત્રાણા, જી.કચ્છ	ઈન્ડીયન નેશનલ કોંગ્રેસ	હાથ
નોંધાયેલ રાજકીય પક્ષોના ઉમેદવારો (રાષ્ટ્ર અને રાજ્ય કક્ષાના માન્ય રાજકીય પક્ષો સિવાય)				
૩	આકુબ આચારભાઇ મુતવા	મુ.પો.ઢોરી, તા.નખત્રાણા, જી.કચ્છ	બહુજન મુક્તિ પાર્ટી	ખાટલો
૪	મહેશ્વરી રામજી આશાભાઇ	૧૬૭, મહેંદી કોલોની, સુરલીભીટ રોડ, ભુજ-કચ્છ	ભારતીય જન પરિષદ	ભૂંગળવાજુ
૫	મેઘવાળ ભીમજીભાઇ ભીખાભાઇ	રહે.ખોખરા (રાપર), તા.અંજાર, જી.કચ્છ	બહુજન મહા પાર્ટી	સીટી
૬	અમૃતલાલ લધાભાઈ પટેલ	નારાયણનગર, જીયાપર, તા.નખત્રાણા, જી. કચ્છ	અપક્ષ	હાર્મોનિયમ
૭	ઇબ્રાહીમ જાકર હલેપોત્રા	૩૭૨-૨ એ, નાગેન્દ્ર પાર્ક, પેરેડાઈઝ બિલ્ડીંગની પાછળ, ભુજ-કચ્છ	અપક્ષ	કપ અને રકાબી
૮	પડયાર હનીફ જાકબ	નુંધાતડ, તા.અબડાસા, જી.કચ્છ	અપક્ષ	બેટ
૯	બ્રહ્મક્ષત્રિય ભગવતીબેન ખેતસિંહભાઇ	૫૬૪, આદર્શનગર, સેકટર-૨૪, ગાંધીનગર	અપક્ષ	પ્રેશર કુકર
૧૦	રમણિક શાંતિલાલ ગરવા	ઉમા કોમ્પેલક્ષ, આર્શિવાદ હોટલ, પોલીસ ચોકીની સામે, જુનાવાસ-માધાપર	અપક્ષ	કોટ

સ્થળ: નલીયા,
તા.૧૯/૧૦/૨૦૨૦

(પ્રવિણસિંહ જેતાવત)
ચૂંટણી અધિકારી

રસલીયા નવરાત્રી ઉત્સવ, જય અંબે જય ભવાની...

વિરાણી (મોટી) કચ્છ માં માતાજી ની આરતી

બેંગલોર માં ઘર માં નવરાત્રી

કડોદરા પાટીદાર ભવનમાં શેરી ગરબા ઢોલના ધબકારે